અપીલ અરજી નં.૧૪૮ તા.૨૬–૭–૧૦/૧૧

અરજદારઃ– – શ્રી સી.વી.રાણા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.વી.રાણાની તા.૧૫–૬–૧૦ની અરજીથી (૧) સાલ– ૨૦૦૮ માં ઉત્તમરામ જરીવાલા બ.ન.કો.હા.સો.ની પ્રમુખશ્રી,સરતનભાઈ રબારી, મંત્રી કાનજીભાઈ ભોજ તેમજ વેચાણ લેનાર પીઠાભાઈ તથા પીઠીયાભાઈ પાસે વેચાણ લેનાર કિશોર ભગવાન આ તમામના નિવેદનો લીધા તે તથા તેમને આપેલ તમામ પુરાવા ફોર્મ રૂા.૨૫ અંગેની ખરી નકલ સહી સિકકા સાથે સંપુર્ણ માહિતી આપવા વિ. મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૮/૨૦૧૦–૧૧

શ્રી સી.વી.રાણાની તા.૧૫–૬–૧૦ની અરજીથી (૧) સાલ– ૨૦૦૮ માં ઉત્તમરામ જરીવાલા બ.ન.કો.હા.સો.ની પ્રમુખશ્રી સરતનભાઈ રબારી મંત્રી કાનજીભાઈ ભોજ તેમજ વેચાણ લેનાર પીઠાભાઈ તથા પીઠીયાભાઈ પાસે વેચાણ લેનાર કિશોર ભગવાન આ તમામના નિવેદનો લીધા તે તથા તેમને આપેલ તમામ પુરાવા ફોર્મ રૂા.૨૫ અંગેની ખરી નકલ સહી સિકકા સાથે સંપુર્ણ માહિતી આપવા વિ. મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા વધુમાં તમામ મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારીનો પક્ષ રજુ કરતી વિગતો જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૬પ તા.૨–૮–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૩૨૩૩ તા.૧૬–૮–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને અરજી તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૯૫ તા.૧૭–૬–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૧૭૬ તા.૧૩–૮–૧૦ થી મુદ્દા નં.૪ અંગે ઉપલબ્ધ રેકર્ડ અનુસાર નોર્થઝોનમાં ૧–૧–૯૮ થી આજ દિન સુધી ઈ.ચા. એઆરઓ તરીકે ફરજ બજાવેલ અધિકારીઓના નામ સરનામા, પગાર ધોરણ, મોબાઈલ નંબર, સમયગાળો અને હાલની સ્થિતિ વિગેરે માહિતી દર્શાવતું પત્રકની નકલ અને સર્વેયરની નામ કર્મચારી નંબર અને સરનામા અંગેના પત્રની નકલ, તથા અરજદારનો તા.૧૬–૮–૧૦ નો પૂરક વિગત અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૫–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૯૫ તા.૧૭–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સાલ– ૨૦૦૮ માં ઉત્તમરામ જરીવાલા બ.ન.કો.હા.સો.ની પ્રમુખશ્રી સરતનભાઈ રબારી મંત્રી કાનજીભાઈ ભોજ તેમજ વેચાણ લેનાર પીઠાભાઈ તથા પીઠીયાભાઈ પાસે વેચાણ લેનાર કિશોર ભગવાન આ તમામના નિવેદનો લીધા તે તથા તેમને આપેલ તમામ પુરાવા ફોર્મ રૂા.૨૫ અંગેની ખરી નકલ સહી સિકકા સાથે સંપુર્ણ માહિતી આપવા. મુદ્દા નં.(૨) સાલ ૨૦૦૮ માં નિ.વ.જરીવાલાનું નિવેદન તા.૧૨–૮–૦૮ લીધુ તેમની સાથે તેમને આપેલ દરેક પુરાવાઓની ખરી નકલ સહી સિકકા સાથે સંપૂર્ણ તમામ મેળવવા. મુદ્દા નં.(૩) તા.૯–૬–૦૯ ના દિને વી ડી. જરીવાલાનું નિવેદન લીધુ તેની સાથે તેમને ૪૫/૮૯ પ્રોપર અરજીનો ચૂકાદો તા.૫–૫–૦૮ નો આપેલ તે તમામની ખરી નકલ સહી સિકકાવાળી તમામ માહિતી મેળવવા. (૪) સને ૧૯૯૯–૨૦૦૨ માં તેમજ ૨૦૦૫ થી ૨૦૧૦ સુધીમાં ઉ.દ. જરીવાલા તમારે ત્યાં તમામ પુરાવાઓ સાથે નામ ચઢાવી ગયા પરંતુ નિ.વ. જરીવાલાએ આરટીઆઈ મુજબ માહિતી માંગતા તમારા પત્રમાં જણાવેલ છે કે તુમારની શોધખોળ ચાલુ છે મળતી નથી તો તે વખતે એસેસમેન્ટ રીકવરી ખાતાના કોણ સાહેબ હતા તેમનું નામ, સરનામું, મોબાઈલ નંબર, પગાર, લાયકાત, ડીગ્રી વિગેરેની સંપૂર્ણ માહિતી આરટીઆઈ મુજબ મેળવવા તેમજ આકારણી ખાતામાં કોણ સાહેબ હતા તેમના નામ, સરનામા, મોબાઈલ નંબર, પગાર, ડીગ્રી વિગેરે સંપૂર્ણ માહિતી આરટીઆઈ મુજબ મેળવવા (બ.ન.કો.હા.સોસા. સર્વે નં.૪૮૫ પૈકી પ્લોટ નં.૪૯/એ તથા ૪૯/બી ની ) મુદ્દા નં.(૫) સને ૨૦૦૮ માં નવા તુમાર ઉ.દ. જરીવાલાની તથા ભારતીબેન ઉત્તમરામ જરીવાલાની બની તે નવી તુમારની ખરી નકલ સહી સિકકાવાળી આરટીઆઈ મુજબ મેળવવા. (બ.ન.કો.હા.સોસા. સર્વે નં.૪૮૫ પૈકી પ્લોટ નં.૪૯/એ તથા ૪૯/બી ની )મુદ્દા નં.(૬) ઉ.દ. જરીવાલાએ તમારે ત્યાં ફોર્મ એક રૂા. ૨૫/– આવક બારનિસી રજી. નં.૧૮૯ તા.૩૦–૮–૦૫ નંબર ૬૯૩૫ ભરેલ નામ ટ્રાન્સફરનું તે તમારી પાસે ઓરીજનલ પરથી જ ખરી નકલ અમોને બનાવી આપી છે તેની ઓરીજનલ કોપી પરથી નવી ખરી સહી સિકકાવાળી સાથે સંપૂર્ણ માહિતી મેળવવા. મુદ્દા નં.૭. ઉપર મુજબનું રૂા.૨૫/– નામ ટ્રાન્સફર કરવા તા.૩૦–૮–૦૫ આવક બાર નિશી રજી . નં.૧૮૯ ફોર્મ નં.૬૯૩૫ માં નામ નવું ચઢાવવામાં પુરાવામાં માત્ર કબ્જા રસીદની પ્ર માણિત નકલને વેરાબીલ રજૂ કર્યે એસએમસી નોર્થ વિભાગમાં નામ ચઢાવી દીધું જયારે અમોએ તમારો પત્ર મળ્યો વેરો રૂા.૨૭૯૧ નિ.વ. જરીવાલાના નામથી એ/બી ના ચેકથી ચૂકતે ભર્યો ત્યાર બાદ તા.૨૮–૬–૦૮ રૂા.૨૫/– નું ફોર્મ નં.૧૫૫૯૬ માં બ.ન.કો.હા. સોસા.નું શેર સર્ટી વહીવટી ખાતરીના ભર્યા રસીદ નં.૧૯૪૭ તમામ તા.૨૫–૬–૦૮ નું પ્રશ્ન કરેલ તે તમામ આપતા કેમ નામ ચઢયું નહી કયા કારણોસર શું બાકી છે તે તમામ સંપૂર્ણ માહિતી મેળવવા મુદ્દા નં.૮ તા.૯–૬–૦૯ ના દિને વી ડી. જરીવાલાનું નિવેદન લીધું તેમાં તેઓએ જણાવેલ ગામીત સાહેબ, મુસાજી, દિપક શુકલ તેમજ ટોપીવાલા રૂબરૂ તેઓ પોતે લેખિતમાં જણાવેલ છે કે ઉ.દ. જરીવાલા સર્વે નં.૪૮૫ પૈકી પ્લોટ નં.૪૯/અ બ.ન. હો. હા. સોસા. વેડરોડ સુરતનામાં કૌટુંબિક ફેમીલી કરાર તા.૭–૬–૮૬ બ.ન.કો.ઓ. હા. સોસા. તથા એસએમસી નોર્થઝોનમાં પુરાવા તરીકે ઝેરોક્ષ કોપીથી રજૂ કરેલ છે. તેની ઓરીજનલ કોપી આપશ્રીએ રૂબરૂ જોવા માંગવાની તેમજ ૪૫/૮૯ પ્રોપર અરજી વાદી તરીકે ઉ.દ.જ. ત્યાં ભારતી ઉ. જરીવાલએ કરેલ તેમાં ચુકાદામાં માલિક નિર્મલાબેન વસંતલાલ જરીવાલા જ છે જયારે વાદી નં.૧ તથા ૨ સાથે પ્રતિવાદી નં.૩ લક્ષ્મીચંદ ના મેળાપીપણામાં બોગસ સહીઓ ત્યાં બોગસ પુરાવા આપી કાયદાની કલમ૪૬૭–૪૬૮ –૪૨૦ તથા ૧૨૦ મુજબ ગુનો આચરી નામ ચઢાવી ગયા પરંતુ સર્વે સાહેબો તેમની પાસે ઓરીજનલ કૌટુંબિક કરાર તા.૭–૬–૮૬ નો સ્ટેમ્પ નં.૧૮૮૩૮ નો જોવા નકકી કરેલ તે પણ એક વર્ષ પુરું થયું છતાં પણ તમારા તરફથી કોઈ પત્ર કે ટપાલ કે સુચના મળ્યા નહીં માટે ગામીત સાહેબ સેન્ટ્રલઝોન ઓફિસે

મળી ગયા અને દિન–૭ થયા છતાં પણ કઈ ટપાલ આ બાબતમાં મળી નથી તો આપ સાહેબને તાકીદે ઓરીજનલ કૌટું બિક ફેમીલી કરાર તા.૭–૬–૮૬ નો નં.૧૮૮૩૮ તમામ રૂબરૂ જોવા મંગાવશો સત્ય હકીકત ખબર પડશે તથા એફીડેવીટો સંમતિપત્ર તમામ પર પણ બોગસ સહી કરેલ તે પણ નિ.વ. જરીની સહીઓ સાથે મેળવો તમારે ત્યાં આરટીઆઈમાં તેમજ ફોર્મ સાલ ૨૦૦૦ રૂા. ૨૫ તથા ફોર્મ ૨૦૦૮ માં તમામ પર સહીઓ કરેલી તે જોતાં તુરંત બોગસ સહીઓ માલુમ પડશે માટે તાકીદે આ બેઠક યોજવાનું રાખશો તેવો વૃધ્ધ ઉમર ૬૬ સીનીયર સીટીજન તથા તમામ રોગોથી પીડાય છે માટે તાકીદે ન્યાય આપશો. મુદ્દા નં.૯ ઉ.દ. જરીવાલાએ ૪૫/૮૯ પ્રોપર અરજી કરેલ ત્યારે પ્રતિવાદી બન્યા અને અમારા ભાડુત દેવસીભાઈ જગદીશભાઈ તથા જીવરાજભાઈ પણ પ્રતિવાદી નંબર ૧૩ ,૧૪,૧૫ બતાવેલ આ અરજી વાદીએ કરેલ પ્રોપર અરજી હતી તેથી તેનો જે કંઈ ખરી હકીકત હોય તે ચૂકાદામા લખો તે જ ખરું કહેવાય તમારી પાસેથી પુરાવામાં ખરી નકલ ઉ.દ. જરીવાલાનું નામ ચઢયું તે ફોર્મ ૨૫ નંબર વાળા આરટીઆઈ મુજબ મેળવવા. મુદ્દા નં.૧૦ બ.ન.કો.હા.સોસા.ના પ્રમુખશ્રી, મંત્રશ્રી તેમજ એસએમસી નોર્થઝોન એસેસમેન્ટ એન્ડ રીકવરી ખાતાના તથા આકારણી ખાતાના તમામ લોકોને ગેરમાર્ગે દોરી ખોટા કામો કરાવી ગયા તથા ખોટી રીતે સર્વે નં.૪૮૫ પૈકી પ્લોટ નં.૪૯/એ તથા બી માં બોગસ સહીઓ બોગસ પુરાવામાં માત્ર કૌટુંબિક ફેમીલી કરાર તા.૭–૬–૮૬ અને તા.૧૮૮૩૮ ની કોપી રજૂ કરી ચઢાવી ગયો તેની ઉપર નોટરીની પણ બોગસ સહી સિકકા મરાવી તેમને પણ ગુનાહીત બનાવ્યા છે જેમાં નોટરી તરીકે ચોર્યાસીના મામલતદાર અશોકભાઈ ઘંટીલાલા તથા ભરત ડી. ભારતી તમામને મુર્ખ બનાવ્યા છે માટે આપને પહેલુ કામ કૌટુંબિક ફેમીલી કરાર તા.૮–૭–૮૬ ની રૂા.૩૦ સ્ટેમ્પ પેપર નં.૧૮૮૩૮ ઓરીજનલ માંગશો તો તે બતાવશે નહીં માત્ર ઝેરોક્ષ કોપી જ આપશે જે ખાસ નોંધ લેશો. સદર ૧ થી ૧૦ મુદ્દાઓ અંગેની માહિતી બાબતે ૩૦ દિવસમાં કોઈ પ્રતિભાવ ન મળતાં નારાજ થઈ અરજદારે તા.૨૬–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મળેલી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૧૭૬ તા.૧૩–૮–૧૦ થી મુદ્દા નં.૪ અન્વયે ઉપલબ્ધ રેકર્ડ અનુસાર આપવા જોગ પત્રકોના નંગ–૪ માં વિના મૂલ્યે ઈ.ચા. એઆરઓ નો સમયગાળળો નામ સરનામા પગારધોરણ મોબાઈલ નંબર અને હાલની સ્થિતિ અંગેની માહિતી તા.૧–૧–૯૮ થી આજ દિન સુધી તથા સર્વેયરની માહિતી ૨૦૦૪–૦૫ થી આજ દિન સુધીની આપવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે તા.૧૬–૮–૦૮ ના પત્રથી પત્ર નં.૩૧૭૬ તા.૧૩–૮–૧૦ ના મળેલા પ્રતિભાવના સંદર્ભે કતારગામઝોનના જાહેર માહિતી અધિકારી કેમ માહિતી આપવા માંગતા નથી તેવી રજૂઆત કરેલ છે. તેમના મુદ્દા નં.૧ થી ૧૦ પૈકી મુદ્દા નં.૪ ના જવાબની માહિતી આપી જયારે બાકીના મુદ્દાઓની સંપૂર્ણ માહિતી તથા સહી સિકકાવાળી નકલોની માંગથી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા ન.૪સિવાયની કોઈ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી. અરજદારે મુદ્દા નં૧ થી ૭ માં માહિતી માંગવામાં આવેલ છે જયારે મુદ્દા નં૧ થી ૩ મુદ્દા નં.૧ માં ૨૦૦૮ માં ઉત્તમ જરીવાલા સરતનભાઈ રબારી કાનજીભાઈભોજ , પીઠાભાઈ પીઠીયાભાઈ કિશોર ભગવાનના નિવેદન સાથેના પુરાવા મુદ્દા નં.૨ ની નિ.વ. જરીવાલનું તા.૧૨–૮–૦૮ નું નિવેદન સાથેના પુરાવા મુદ્દા નં.૩ તા.૯–૬–૦૯ ના રોજ વી ડી. જરીવાલાનું નિવેદન અને તા.૫–૫–૦૮ ના ચૂકાદાની નકલ અને ૫ થી ૭ મુદ્દા નં.૫ માં ઉ.દ. જરીવાલાના ૨૦૦૮ ના નવા તુમારની ખરી નકલ મુદ્દા નં.૬ ઉ.દ. જરીવાલાના ફોર્મ નં.૧ રૂા.૨૫ આવક બારની રજીસ્ટર નં.૧૮૯ તા.૩૦–૮–૦૫ નં.૬૯૩૫ થી ભરેલ નામ ટ્રાન્સફરની ઓરીજનલ નકલમાંથી ખરી નકલ બનાવી આપેલ છે તેવી નવી ઓરીજનલ કોપીની નકલની માંગણી કરેલ છે. જયારે મુદ્દા નં.૭ માં તા.૨૮–૬–૦૮ ના રોજ નામફેર માટે ફોર્મ ભરેલ તેમ છતાં નામ કેમ ચઢ ાવવામાં આવેલ નથી તેની માહિતી માંગવામાં આવેલ છે. અને ૯ માં ઉત્તમભાઈ જરીવાલાનું નામ ચઢયું તેના ૨૫ રૂા. નાફોર્મની માંગણી કરેલ છે. સદરહુ માંગણી અરજદારે માંગણી કરેલ છે જો તે ત્રાહિત વ્યકિતને લગતી હોય તો કલમ–૧૧ મુજબની કાર્યવાહી કરીને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. જયારે મુદ્દા નં.૮ અને ૧૦ ની કૌટુંબિક ફેમીલી કરાર તા.૭–૬–૧૯૮૬ સ્ટેમપ પેર નં.૧૮૮૩૮ રૂા.૩૦ ની અંદર બોગસ સહી સિકકા બાબતે અરજદારની રજૂઆત માહિતી સંદર્ભેની નહીં પરંતુ ફરીયાદ નિવારણને લગતી હોય જેની માહિતી સાથે જોડી શકાય નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૫–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ અને ૫ થી ૭ તથા ૯ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી જરૂર જણાય તો આરટીઆઈ એકટની કલમ–૧૧ મુજબની કાર્યવાહી કરી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૮ અને ૧૦ અંગે ફરીયાદ નિવારણને લગતી બાબત હેઠળ સક્ષમ સત્તાને રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધકારી , (કતારગામઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સી.વી.રાણા